**<u>વન રક્ષકની જગ્યાઓ પર વનરક્ષા સહાયકની નિમણૂંક કરવા અંગે.</u>**

**ગુજરાત સરકાર,**
**વન અને પર્યાવરણ વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ મહક-૧૮૦૭-સી.ફા-૭-ક-૨,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ ૨૫/ ૦૬/૦૭**

**<u>સંદર્ભ :-</u>**

(૧) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક જીવીએન/૧૦૨૦૦૪/(૫)/આરસીટી/૧૩૯૯/૬૩૨/ડી૧/પાર્ટ-૨, તા.૨૬-૫-૨૦૦૪

(૨) વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : વપસ/૧૧૦૭/૬૭૫/ગ.૧, તા.૨૯-૫-૨૦૦૭

(૩) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની સીંગલ ફાઇલ ક્રમાંકઃ ૭૪૮

**<u>આમુખ :-</u>**

ગુજરાતમાં "એશીયાટીક લાયન" ના શિકારના કિસ્સાઓ પાછળનું એક કારણ વન રક્ષકોની અપૂરતી સંખ્યા તેમજ છેલ્લા કેટલાક વર્ષોથી ભરતી ન થવાથી યુવાન અને સમર્થ કર્મચારીઓની ઘટતી સંખ્યા જણાયેલ છે. ગુનાહિત પ્રવૃતિઓમાં સંડોવાયેલી વ્યકિતઓની ક્ષમતા સામે વન અને વન્ય જીવોના રક્ષણ માટે વન રક્ષકની જગ્યાઓ અપૂરતી જણાયેલ છે. વન રક્ષક એ વન વિભાગનું પાયાનું મહેકમ છે અને તેને નવ થી દસ કિલોમીટર જેટલો વન વિસ્તાર ધરાવતી બીટ સાચવવાની હોય છે. તેની મુખ્ય કામગીરી વન વિસ્તારના સંલગ્ન ગામોના લોકોનો સહકાર મેળવી વન સંરક્ષણ અને વન્યપ્રાણીઓનું સંરક્ષણ કરવાની છે. આવા પાયાના મહેકમની અપૂરતી સંખ્યાના કારણે વન અને વન્યજીવોના સંરક્ષણ ઉપર વિપરીત અસર પડે છે. આથી ખાલી જગ્યાઓ ભરવાની અનિવાર્ય બની છે. ઉપર્યુકત સંદર્ભ (૨) માં દર્શાવેલ ઠરાવથી વન રક્ષા સહાયકની નવી ઉભી કરાયેલ ૧૦૦ જગ્યાઓ તથા હાલની ખાલી ૨૧૨ જગ્યાઓ વન રક્ષા સહાયકથી તાત્કાલિક ધોરણે ભરવાની અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની સંદર્ભ (૩) માં દર્શાવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે ઉપર્યુકત જગ્યાઓ વન રક્ષા સહાયકથી ભરવા માટેની દરખાસ્તને નીચેની શરતોએ મંજૂરી આપવામાં આવે છે.

(૧) વનખાતા હેઠળની વનરક્ષકની ઉક્ત ૩૧૨ જગ્યાઓ વનરક્ષા સહાયક તરીકે ભરવા માટે આથી મંજૂરી આપવામાં આવે છે. આ જગ્યાઓ માટે જે તે જીલ્લાની ખાલી જગ્યા સામે જીલ્લાવાર ભરતી કરવાની રહેશે.

(૨) આ ૩૧૨ જગ્યાઓ રૂ. ૨૫૦૦/- ના માસિક ફીકસ વેતનથી ભરવાની રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે નાણા વિભાગના તા.૧૬-૨-૦૬ અને.૧-૮-૦૬ના સરખા ક્રમાંકના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧ની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(3) આ જગ્યાઓ ઉપરની ભરતી પ્રવર્તમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઇઓને અનુસરીને કરવાની રહેશે. આ ઉપરાંત વન રક્ષા સહાયકની પસંદગી આ સાથે જોડેલ અનુસૂચિ-૧ માં દર્શાવેલ પધ્ધતિ પ્રમાણે કરવાની રહેશે.

(૪) આ જગ્યાઓ પરની ભરતી જે તે જિલ્લા કક્ષાએ સ્થાનિક બહોળી પ્રસિધ્ધિ ધરાવતા સમાચાર પત્રોમાં જાહેરાત આપીને નિયત કરેલ સ્થાનિક ભરતી સમિતિ ધ્વારા કરવામાં આવશે. સ્થાનિક ભરતી સમિતિના સભ્યો નીચે મુજબ રહેશે.

| | | | |
|---|---|---|---|
| (૧) | વન સંરક્ષક | - | અધ્યક્ષ |
| (૨) | નાયબ વન સંરક્ષક | - | સભ્યસચિવ |
| (3) | જે તે જિલ્લાના કલેકટર અથવા નાયબ કલેકટરથી ઉતરતી કક્ષાના ન હોય તેવા તેના પ્રતિનિધિ | - | સભ્ય |
| (૪) | જે તે જિલ્લાના જિલ્લા પોલીસ અધિક્ષક અથવા ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસથી ઉતરાતી કક્ષાના ન હોય તેવા પોલીસ ખાતાના પ્રતિનિધિ | - | સભ્ય |

જીલ્લાવાર સમિતિના અધ્યક્ષ તથા સભ્ય સચિવ, અગ્ર મુખ્ય વન સંરક્ષક ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિકૃત કરવામા આવશે.

(૫) વન રક્ષા સહાયકની જગ્યા ઉપર નિમણૂંક મેળવનારને નિયમોનુસાર ગણવેશ મળવાપાત્ર થશે.

(૬) આ અંગેની બોલીઓ અને શરતો આ સાથેના અનુસુચિ-૨ માં જણાવ્યા મુજબની રહેશે.

(૭) વન રક્ષા સહાયક તરીકે ભરતી થયા બાદ બે વર્ષની અંદર " ધી ગુજરાત સીવીલ સર્વીસીઝ કલાસીફીકેશન એન્ડ રીક્રુટમેન્ટ (જનરલ) રૂલ્સ, ૧૯૬૭ " હેઠળની જોગવાઇ મુજબ કોમ્પ્યુટર વિષયક જ્ઞાનની નિયત પરીક્ષા પાસ કરી લેવાની રહેશે.

(૮) વનરક્ષા સહાયકની જગ્યા પર નિમણૂંક મેળવનારની સેવાઓ સંતોષકારક જણાય તો પાંચ વર્ષના અંતે વન રક્ષક સંવર્ગના પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમજ વન રક્ષા સહાયકની જગ્યા વન રક્ષકમાં નિયત પગાર ધોરણમાં આપોઆપ રૂપાંતરિત થયેલ ગણાશે.

(૯) સરકારની સેવામાં આ રીતે સીધી ભરતીથી નિમણૂક પામનાર કર્મચારીઓને નાણા વિભાગના તા. ૧૮-૩-૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નમન-૨003-જીઓઆઇ-૧૦-પી તથા તા.૨૭-૯-૦૬ ના પરિપત્ર ક્રમાંકઃ નમન-૨૦૦૬-જીઓઆઇ-૧૦(પા.ફા.)-પી ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તા.૧-૪-૦૫ થી લાગુ પાડેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે તથા આ અંગેના વખતોવખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પાડનાર હુકમો સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને લાગુ પડશે.

(૧૦) રાજય સરકાર ધ્વારા વખતોવખત નિયત થતા કાર્યભારણને ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૨. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧-૫-૦૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એલ એમ ઓઝા)
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રી ના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા.મંત્રીશ્રી, વન અને પર્યાવરણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી, વન અને પર્યાવરણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (વન્યપ્રાણી) ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે વન સંરક્ષકશ્રીઓ,
- સર્વે નાયબ વન સંરક્ષકશ્રીઓ,
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે પોલિસ અધિક્ષકશ્રીઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (વન), સચિવાલય, ગાંધીનગર.
- મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે શાખાઓ , વન અનેપર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ

## વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : મહક–૧૮૦૭–સી.ફા–૭–ક.ર તા. ૨૫–૦૬–૨૦૦૭નું બિડાણ :–

## અનુસુચિ :–૧
## વનરક્ષકની ખાલી પડેલ જગ્યા વનરક્ષા સહાયકથી ભરવાની પસંદગીની પ્રક્રિયા

વનરક્ષકના ભરતીના નિયમો સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૨૬–૫–૨૦૦૪ ના જાહેરનામા ક્રમાંક : જીવીએન/૧૦૨૦૦૪/(૫)/આરસીટી/૧૩૯૯/૬૩૨/ડી૧/પાર્ટ–૨ અન્વયે નિયત થયેલ યોગ્યતા ધ્યાનમાં રાખી વનરક્ષા સહાયકની પસંદગી માટે ખાસ પ્રકારની ક્ષમતા અને અભિરુચિ પરીક્ષા લીધા પછી પસંદગી પ્રક્રિયા પુરી કરવામાં આવશે. વનરક્ષા સહાયક ઉમેદવારની સંપૂર્ણ પસંદગી પ્રક્રિયા નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

**તબક્કો:**– (અ) શારીરિક યોગ્યતા અને ખાસ પ્રકારની ક્ષમતા (બ) કામ કરવાની માનસિક અભિરુચિ (ક) લેખિત પરીક્ષા (ડ) મૌખિક પરીક્ષા

**તબક્કા (અ) :– શારીરિક ક્ષમતા**

(૧) શારીરિક ક્ષમતાની પ્રાથમિક ચકાસણી જીલ્લામાં વનરક્ષકની ખાલી જગ્યાઓ વન રક્ષા સહાયકથી ભરવા માટે જીલ્લામાં એક જગ્યાએ નક્કી કરેલ સ્થળે ભરતી શિબિરનું આયોજન કરવાનું રહેશે.

(૨) ભરતી શિબિર માટે તારીખ, સ્થળ અને સમય બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિક પત્રોમાં જાહેરાત આપવામાં આવશે. ભરતી મેળામાં આવેલ ઉમેદવારોએ સામેલ નમુના મુજબનું અરજી પત્રક ભરવાનું રહેશે. શિબિરમાં નીચે મુજબ શારીરિક ક્ષમતા, પરીક્ષા લેવાની રહેશે.
શારીરિક ક્ષમતામાં દોડ, વિઘ્ન દોડ, પર્વતારોહણ, નદી નાળા કે તેનો વિસ્તાર પાર કરવું, ડુંગરાળ વિસ્તારમાં ઝડપથી ચાલવું વગેરે કસોટી જિલ્લા ભરતી સમિતિ ધ્વારા નકકી કર્યા પ્રમાણે યોજવામાં આવશે. જેના આધારે પ્રાથમિક યોગ્યતા નકકી કરવામાં આવશે.

(૩) શારીરિક ક્ષમતાની કસોટી માટે માપદંડ પસંદગી સમિતિ ધ્વારા નકકી કરવામાં આવશે.

(૪) શારીરિક કસોટીમાં યોગ્ય ઠરાવેલ ઉમેદવારોની વન અને વન્યપ્રાણી વિશે અભિરૂચિ કસોટી લેવામાં આવશે.

(૫) શારીરિક કસોટી દરમિયાન થયેલ કોઈપણ શારીરિક ઈજા અથવા અન્ય હાનિ માટે વળતર આપવામાં આવશે નહી.

**<u>તબક્કા (બ) :– વન અને વન્યપ્રાણી વિશે અભિરૂચિ કસોટી</u>** ( ૧૦૦ ગુણ )

**<u>વન અને વન્યજીવો માટે ખાસ અભિરૂચિ</u>**

જે ઉમેદવારોએ પ્રથમ તબક્કાની શારીરિક યોગ્યતા કસોટી સફળતાપૂર્વક પાસ કરેલ હશે તેમણે તબક્કા–(બ) વન અને વન્યજીવો, અંતરિયાળ વિસ્તારમાં સેવા બજાવવા માટે ખાસ અભિરૂચિ કસોટી પાસ કરવી જરૂરી રહેશે. આ કસોટી દરમ્યાન ઉમેદવારની જંગલ અને વન્ય જીવ પ્રત્યેની સંવેદનશીલતા અને રસ, વનસ્પતિને તથા પ્રાણીઓને પારખવાની ક્ષમતા, વાનિકી અને વન્ય જીવનના પ્રસંગોને કુશળતાપૂર્વક નિભાવવાની ક્ષમતાની કસોટી થશે. આ કસોટીમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે.

(૧) વન અને વન્ય જીવનની વાસ્તવિકતાને કુશળતાપૂર્વક હલ કરવું, અચાનક ઉભી થતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવું, જંગલમાંથી રસ્તો શોધી અગાઉ નક્કી કરેલ સ્થળે પહોંચવું, પ્રાણીઓના પગલાનું નિરીક્ષણ અને પરખ કરવી, સામાન્ય વન્ય જીવોના વર્તન અંગેની માહિતી આપવી, સામાન્ય પક્ષીઓના અને પ્રાણીઓના અવાજોને ઓળખવા વિગેરેની યોગ્યતા હોવી જોઈએ. આ કાર્ય માટે જંગલ અને ડુંગરમાં ચાલવાનું પણ જરૂરી હોઈ શકે.

(૨) અભિરૂચિ કસોટીમાં પસંદગી પામેલ ઉમેદવારોને ઉપલબ્ધ જગ્યાના અનુસંધાને લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

(૩) માનસિક અભિરૂચિ કસોટીમાં પણ થયેલ ઈજા તથા અન્ય હાનિ માટે વળતર આપવામાં આવશે નહિ.

**<u>તબક્કો (ક) :– લેખિત પરીક્ષા</u>** ( ૨૦૦ ગુણ )

(૧) સામાન્ય જ્ઞાન, સામાન્ય ગણિત, ગુજરાતી ભાષા, કુદરતના પરિબળો જેવા કે, પર્યાવરણ, વનસ્પતિ, વન્ય જીવન, જળ, જમીન, આર્યુવેદિક વનસ્પતિ, લાકડુ, ભૌગોલિક બાબતો ઈત્યાદિ વિષયની જાણકારીની લેખિત હેતુલક્ષી પરીક્ષા લેવામાં આવશે.

(૨) લેખિત પરીક્ષાનું પ્રશ્નપત્ર બે કલાકનું રહેશે.

**<u>તબકકો (ડ) :– મૌખિક પરીક્ષા</u>** (૫૦ ગુણ)

લેખિત પરીક્ષા પુરી થયા પછી મૌખિક પરીક્ષા લેવામાં આવશે. મૌખિક પરીક્ષામાં ઉમેદવારનું વ્યકિતત્વ, અભિગમ, બુધ્ધિમતા, જંગલ અને વન્યજીવનના નિભાવ માટેની માનસિક તૈયારી, સામાન્ય જ્ઞાન, ગણિત જેવી બાબતો ધ્યાનમાં લઈ મૌખિક પરીક્ષા લેવામાં આવશે.

ઉપર્યુકત બ, ક અને ડ માં નિર્દિષ્ટ કસોટીના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

પસંદગી પામેલ ઉમેદવારોને સરકારશ્રીના ઠરાવ મુજબ ૪–૦૦ કલાક માં ૨૫ કિ.મી નો વોકીગ ટેસ્ટ અને મેડિકલ ટેસ્ટ આપવાનો રહેશે.

(એલ એમ ઓઝા )
નાયબ સચિવ,
વન અને પર્યાવરણ વિભાગ.

# <u>વનરક્ષા સહાયકની જગ્યા માટેનું ઉમેદવારી પત્રક</u>

| સહીવાળો ફોટો |
|---|

(૧) **નામ :** ______________________________

(અટક) (નામ) (પિતા/પતિનું નામ)

(૨) **પુરૂષ કે સ્ત્રી :** __________

(૩) **રહેવાસી :** ગામ ______________ તાલુકો ____________ જીલ્લો ______________

* (૪) **શૈક્ષણિક લાયકાત :** ______________________

* (૫) **જન્મ તારીખ :** ___________

* (૬) **જાતિ** (અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ કે અન્ય) :__________

(૭) **પત્ર વ્યવહાર માટેનું પુરું સરનામુ :** ______________________________

______________________________

## એકરાર નામુ

આથી એકરાર કરવામાં આવે છે કે, ભરતીની પ્રક્રિયામાં શારીરિક ક્ષમતાની પ્રક્રિયા તેમજ પસંદગીની અન્ય પ્રક્રિયા દરમ્યાન કોઈપણ જાતની ઈજા કે જાનહાનિ થશે તો તે માટે હું પોતે જવાબદાર છું. અને તેના માટે કોઈપણ જાતની સહાય કે વળતર મળવાપાત્ર નથી તેની મને જાણકારી છે, તે મતલબની હું બાંહેધરી આપું છું.

સ્થળ :–

તારીખઃ– પુરૂ નામ અને સહી/–

**નોંધઃ** * થી દર્શાવેલ બાબતોના અસલ પ્રમાણપત્રો અને તેની એક ખરી નકલ અરજી પત્રક સાથે રાખવાના રહેશે.

વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક : મહક-૧૮૦૭-સી.ફા.૭-ડ.૨ નું બિડાણ

અનુસૂચિ - ૨

તા.૨૫.૬.૨૦૦૭

બોલીઓ અને શરતો :-

(૧) કરારની મુદત પૂર્ણ થયેથી અપાયેલ નિમણુંકનો આપોઆપ અંત આવેલો ગણાશે.

(૨) ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફીકસ પગારની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

(૩) નિયત ફીકસ વેતન પર કોઇપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહીં.

(૪) કરારના સમયગાળા દરમ્યાન શ્રી .................. ને ફીકસ વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં. મોઘવારી ભથ્થું વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

(૬) કરાર દરમ્યાનની સેવા પેન્શન પાત્ર સેવા તરીકે ગણવાની થશે નહીં. બોનસ, એલ. ટી. સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફીકસ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા નાણાકીય લાભ એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૮) શ્રી ...............ને સમાન સંવર્ગના કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેકિટસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહીં જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરુરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૯) શ્રી ............... ને કરારના સમય દરમ્યાન ૧૨ પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના પગારની કપાત કરી લેવામાં આવશે.

(૧૦) શ્રી ............... એ કાર્યમથક પર રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૧૧) ફરજના ભાગરૂપે એટલે કે સરકારી કામકાજ અંગે તેમને જો મુસાફરી કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો નાણા વિભાગના તા. ૧૯-૯-૨૦૦૨ ના પરિપત્ર પ્રમાણે ટી. એ. / ડી. એ. મળવાપાત્ર થશે.

(૧૨) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે ગેરશિસ્ત બદલ કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૧૩) શ્રી .................. એ તેમના મળનાર માસિક ફીકસ વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

(૧૪) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(૧૫) વ્યવસાય વેરાની કપાત ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૬) નિમણુંકના સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૭) કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહીં.

(૧૮) ઉપરોકત શરતો નિમણુંક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

(એલ એમ ઓઝા )
નાયબ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ